# અમરનાથ યાત્રા ૧૯ જુલાઈથી કામચલાઉ ધોરણે સ્થગિત રહેશે

**બાલતાલ** અને ચંદનવાડી બેઝ કેમ્પથી યાત્રાળુઓને આગળ વધવાની મંજૂરી અપાશે નહીં

શ્રીનગર, તા. ૧૮ (પીટીઆઈ) જમ્મુ અને કાશ્મીરના સત્તાવાળાઓએ શનિવારે જણાવ્યું હતું કે, ખરાબ હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને ૧૯ જુલાઈથી અમરનાથ યાત્રા કામચલાઉ ધોરણે સ્થગિત રાખવામાં આવશે.

કાશ્મીરના ડિવિઝનલ કમિશનર અંશુલ ગર્ગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી) દ્વારા જાહેર કરવામાં આવેલી ખરાબ હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓની સુરક્ષા અને સુખાકારીને સુનિશ્ચિત કરવા માટે એક સાવચેતીના પગલા રૂપે શ્રી અમરનાથજી યાત્રા ૧૯.૦૭.૨૦૨૬થી પહલગામ અને બાલતાલ બંને રૂટ પરથી કામચલાઉ ધોરણે સ્થગિત રહેશે."

ગર્ગે જણાવ્યું હતું કે, રવિવારથી બાલતાલ અને નુનવાન/ચંદનવાડી બેઝ કેમ્પથી યાત્રાળુઓને આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

ગર્ગે ઉમેર્યું હતું કે, "રૂટની સુરક્ષા સુનિશ્ચિત કર્યા પછી અને હવામાનની સ્થિતિનું વ્યાપક મૂલ્યાંકન કર્યા પછી યોગ્ય સમયે યાત્રા ફરી શરૂ કરવા અંગેની અપડેટ્સ જાહેર કરવામાં આવશે."

## સા રે ગ મ — અનિલ આનંદ

### પોતાની જ જાળમાં ફસાયા મંત્રી



ક્યારેક સૌથી શક્તિશાળી અને ચતુર વ્યક્તિઓ પણ પોતાની જ જાળમાં ફસાઈ જતા હોય છે. તેઓ એ જ જાળમાં ફસાઈ જાય છે જે તેમણે બીજા માટે પાથરી હોય છે. અથવા રાજકીય શબ્દોમાં કહીએ તો, અન્યો માટે બનાવેલા નિયમો ખુદને જ ભારે પડે છે. પોતાની જ જાળમાં ફસાઈ જવાનું ઉત્તમ ઉદાહરણ કર્ણાટકના ગૃહમંત્રી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયંક ખડગેના અનુભવ પરથી શીખી શકાય છે. તેમણે આરએસએસ પ્રમુખ મોહન ભાગવતને પત્ર લખીને એ સવાલ ઉઠાવ્યો હતો કે, સંગઠનની નોંધણી કેમ નથી થઈ અથવા તેઓ આવકવેરો કેમ નથી ચૂકવતા. આ પગલાથી તેમણે અગાઉ પણ એક વિવાદ ઊભો કર્યો હતો. ના, આ એક અલગ જાળ હતી જે તેમણે જનતા માટે પાથરી હતી અને જેમાં તેઓ ખુદ ફસાઈ ગયા. લોકોને બાકી ટ્રાફિક ચલણ ભરવા અને સમજદારીપૂર્વક વાહન ચલાવવાની સલાહ આપ્યા બાદ તેઓ પોતાની જ જાળમાં ફસાઈ ગયા. એક સોશિયલ મીડિયા પોસ્ટ પર ખડગેએ વાહનચાલકોને યાદ અપાવ્યું કે, તેઓ ૧૦ જુલાઈ સુધી માન્ય ચલણ પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટની ઓફરનો લાભ લે, પરંતુ જ્યારે હરીફ ભાજપ ખેમાએ તેમના સત્તાવાર વાહન દ્વારા કરાયેલા કથિત ટ્રાફિક નિયમોના ભંગને શોધી કાઢ્યો ત્યારે તેઓ અચંબો પામી ગયા. ભાજપે પ્રિયંક ખડગેની પોસ્ટના જવાબમાં ઓવર-સ્પીડિંગ અને સીટ બેલ્ટ ન પહેરવા બદલ ફાટેલા ચલણની રસીદો અપલોડ કરી દીધી.

### રોકાણકારોની પરિષદ પર કેન્દ્રનું દબાણ



આપણે માત્ર કોર્પોરેટ, સર્વિસ, સ્પોર્ટ્સ કે બિઝનેસ સેક્ટરમાં જ નહીં, પરંતુ એક ખૂબ જ અનોખા ક્ષેત્રમાં પણ ગળાકાપ સ્પર્ધાના યુગમાં પ્રવેશ કર્યો હોય તેવું લાગે છે. શું તમે ક્યારેય સાંભળ્યું છે કે, કેન્દ્ર સરકાર કોઈ અસામાન્ય મોરચે રાજ્ય સરકારો સાથે સ્પર્ધા કરી રહી હોય? ના, આ વહીવટી કામગીરીના મોરચે નથી, જ્યાં ભાગ્યે જ કોઈ તંદુરસ્ત સ્પર્ધા જોવા મળે છે અને પ્રવર્તમાન પરિસ્થિતિઓમાં કેન્દ્ર રાજ્યોને દબાવવાનો પ્રયાસ કરે છે. આ સાંભળવામાં કદાચ અવિશ્વસનીય લાગે, પરંતુ તે એક ગંભીર અને રમુજી હકીકત સાબિત થઈ છે. વેપાર અને ઉદ્યોગોને રોકાણ માટે આમંત્રિત કરવાના એક નાના રાજ્યના પ્રયાસોને રોકવા માટે જોહુકમીની રણનીતિનો ઉપયોગ કરવા વિશે શું કહેશો? બાહ્ય રીતે જોતાં રાજ્યો માટે આ ક્ષેત્રમાં સાહસ કરવું સામાન્ય બાબત છે, પરંતુ વિરોધ પક્ષોના ગઠબંધન દ્વારા શાસિત ઝારખંડને આનો કડવો અનુભવ થયો છે. તેણે દિલ્હીની એક ફાઇવ-સ્ટાર હોટેલમાં યોજાનારી ઇન્વેસ્ટર્સ સમિટ અચાનક મુલતવી રાખવી પડી હતી. દેખીતી રીતે, આ કેન્દ્રના દબાણ હેઠળ થયું હતું. તાજ પેલેસ હોટેલ, જ્યાં ૧-૨ જુલાઈના રોજ આ કાર્યક્રમ યોજાવાનો હતો અને જેના માટે અગ્રણી મેન્યુફેક્ચરિંગ અને માઇનિંગ કંપનીઓને આમંત્રણો મોકલવામાં આવ્યા હતા, તેણે વિનંતી કરી કે આ કાર્યક્રમ ૮-૯ જુલાઈ પર ફરીથી ગોઠવવામાં આવે. આ મોકૂફી પાછળનાં કારણો હજી સુધી જાણી શકાયાં નથી.

### ઉચ્ચ હોદ્દેદારોની પ્રશંસા કરવાની કળા



કેટલાક લોકો સંગઠનમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન બોસ અથવા શક્તિશાળી લોકોની પ્રશંસા કરવાની કોઈ તક ક્યારેય ચૂકતા નથી. મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ કરતાં આ કળા કોણ વધુ સારી રીતે જાણી શકે? સંસદની અંદર હોય કે બહાર, તેઓ આવી તક ઝડપી લે છે, ખાસ કરીને વાત જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હોય. તો સંગઠનમાં સૌથી શક્તિશાળી વ્યક્તિના મામલે આ કળા કેમ ન અજમાવવી? ચૌહાણે ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની પ્રશંસા કરવાની તક ઝડપી લીધી. માનો કે ન માનો, પણ તેમણે લોકોને અમિત શાહની સ્વસ્થ જીવનશૈલીનું અનુકરણ કરવા માટે કહ્યું.





# યુક્રેનનો 'રશિયન એમેઝોન'ના બે વિશાળ હબ પર ડ્રોન હુમલો

**રશિયાની** રાજધાની મોસ્કો સહિતના સ્થળોએ યુક્રેનનો ભયંકર હુમલો: આઠનાં મોત, ૬૦ને ઇજા

**એક** ઇ-કોમર્સ કંપનીના બે ગોદામ પર અને એક ઓઇલ ડેપો હબ પર ડ્રોન હુમલાથી વ્યાપક નુકસાન

**ભારે** આગ ફાટી નિકળી, હોસ્પિટલ ખાલી કરાવવી પડી

મોસ્કો, કિવ, તા.૧૮: યુક્રેનિયન ડ્રોન્સે 'રશિયન એમેઝોન' તરીકે ઓળખાતા વાઇલ્ડબેરીઝના બે વિશાળ લોજિસ્ટિક્સ હબ પર હુમલો કરતા આજે મોસ્કો વિસ્તારમાં ગૂંગળાવી દેતો ધુમાડો છવાઈ ગયો હતો. આ હુમલાઓમાં કુલ આઠના મોત થયા છે તથા અન્ય ૬૦ને ઇજા થઇ છે.

બીજા એક હુમલામાં, તાંબોવમાં આ ઓનલાઈન માર્કેટપ્લેસની માલિકીના અન્ય એક વેરહાઉસ કોમ્પ્લેક્સમાં સાત લોકોના મોત થયા હતા અને બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. આ જ કંપનીના ઇલેક્ટ્રોસ્ટેલ શહેરમાં આવેલ એક મોટા ગોડાઉન પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. નોગિન્સ્કમાં આવેલા એક મહત્વના ઓઇલ ડેપો હબમાં પણ હુમલા બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે નજીકની મેટરનિટી હોસ્પિટલને ખાલી કરાવવી પડી હતી. આ હુમલા એવા સમયે થયા છે જ્યારે મુશ્કેલીમાં મુકાયેલા વ્લાદિમીર પુતિન વધતી જતી સૈન્ય ભરતી કટોકટીનો સામનો કરવા માટે જેલમાં બંધ માફિયા ગેંગસ્ટરોને યુદ્ધમાં લડવાની મંજૂરી આપવા જઈ રહ્યા છે. ક્રેમલિનથી ૫૮ કિમી પૂર્વમાં આવેલા ઇલેક્ટ્રોસ્ટાલમાં વાઇલ્ડબેરીઝના વિશાળ બેઝ પર થયેલા હુમલાને કારણે આ યુદ્ધની સૌથી મોટી આગ પૈકીની એકમાં ઝેરી કાળો ધુમાડો આકાશમાં ઊંચે સુધી પહોંચ્યો હતો. આ આગ ૩૦ માઇલ કરતાં વધુ દૂરથી પણ જોઈ શકાતી હતી અને મોસ્કોના કેટલાક ભાગોમાં ધુમ્મસના અહેવાલ હતા. આજના હુમલામાં યુક્રેને જેઠ ડ્રોનનો ઉપયોગ કર્યો હોવાના અહેવાલો છે. રશિયાના સૌથી મોટા ઓનલાઈન રિટેલર પર થયેલા આ બે હુમલા યુક્રેનના એ અભિયાનનો ભાગ છે જેના દ્વારા તે વ્લાદિમીર પુતિનના નાગરિકોને તેમણે શરૂ કરેલા અને બંધ કરવાનો ઇનકાર કરી રહેલા યુદ્ધના પરિણામોનો અહેસાસ કરાવવા માંગે છે, અને આનાથી મોટી અડચણો ઊભી થવાની સંભાવના છે. વિશ્લેષકોનું કહેવું છે કે આ યુક્રેનમાં પોસ્ટલ હબ પર રશિયન હુમલાના જવાબમાં પણ છે. મોસ્કો વિસ્તારમાં રાત્રિ દરમિયાન થયેલા હુમલામાં ૩૭ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી એકનું બાદમાં મૃત્યુ થયું હતું. અને મોસ્કોથી ૪૩૪ કિમી દક્ષિણ-પૂર્વમાં આવેલા કોટોવસ્કમાં વાઇલ્ડબેરીઝ પર થયેલા હુમલામાં નાઈટ શિફ્ટના સાત કામદારો માર્યા ગયા હતા અને ઓછામાં ઓછા ૨૫ ઘાયલ થયા હતા.

# પુરીની રથયાત્રામાં ભગવાન જગન્નાથને ફૂલોનો મુગટ નહીં પહેરાવાતા વિવાદ

**વિરોધ** પક્ષોએ આ પરંપરાભંગને ભક્તોની લાગણી દુભવનારુ કૃત્ય ગણાવ્યું

**મંદિરના** પદાધિકારીએ કહ્યું કે વરસાદને કારણે મુગટ ભીનો થઇ જવાથી હટાવી લેવાયો હતો

ભુવનેશ્વર/પુરી, ૧૮ જુલાઈ(PTI): રથયાત્રા દરમિયાન પુરી મંદિરની અંદરથી બહાર રથ તરફ ભગવાન જગન્નાથની પારંપરિક 'પહાંડી' (ધાર્મિક સરઘસ) વિધિ પરંપરાગત ફૂલોના મુગટ વગર કરવાથી એક વિવાદ ઊભો થયો છે, જેમાં વિપક્ષી દળો બીજેડી (BJD) અને કોંગ્રેસે ઓડિશાની ભાજપ સરકાર પર આ ગંભીર બેદરકારી બદલ પ્રહારો કર્યા છે.

આ ઘટના ગુરુવારે બની હતી જ્યારે ભગવાન જગન્નાથ ૧૨મી સદીના મંદિરની બહાર 'તાહિયા' (ફૂલોના બનેલા વિશિષ્ટ મુગટ) પહેર્યા વિના આવ્યા હતા. આ મુગટ ભગવાન અને તેમના ભાઈ-બહેનની મંદિરથી રથ સુધીની ધાર્મિક સરઘસની વિધિ 'પહાંડી'ની ભવ્યતામાં વધારો કરે છે. જો કે, આ વિધિ દરમિયાન ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાની મૂર્તિઓ પર ફૂલોનો મુગટ લગાવેલો હતો. જ્યારે શ્રી જગન્નાથ મંદિર પ્રશાસને જણાવ્યું હતું કે મૂર્તિ ખુલ્લામાં આવે તે પહેલાં જ સેવાદારો દ્વારા તાહિયા હટાવી દેવામાં આવ્યો હતો કારણ કે વરસાદ પડી રહ્યો હતો, ત્યારે વિરોધ પક્ષોએ આ દલીલ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

તેઓએ દાવો કર્યો હતો કે આ તહેવાર દર વર્ષે ચોમાસાની ઋતુમાં જ ઉજવવામાં આવે છે અને સદીઓ જૂની પરંપરામાં આવું વિચલન અગાઉ ક્યારેય થયું નથી. રાજ્ય કોંગ્રેસ પ્રમુખ ભક્ત ચરણ દાસે જણાવ્યું હતું કે, આ વખતે મુગટ વિના ભગવાનનું જનતા સમક્ષ આવવું, કરોડો ભક્તોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે. બીજેડીના વરિષ્ઠ નેતા પ્રમીલા મલ્લિકે જણાવ્યું હતું કે આ બેદરકારી બદલ રાજ્ય સરકારે જગન્નાથના કરોડો ભક્તોની માફી માંગવી જોઈએ. પુરી જગન્નાથ મંદિર ઓડિશા સરકારના કાયદા વિભાગ હેઠળ કામ કરે છે.

મુગટ વિના સરઘસ કાઢવાનું કારણ આપતાં SJTAના મુખ્ય વહીવટકર્તા અરબિંદ પાઢીએ જણાવ્યું હતું કે, વરસાદના કારણે તાહિયા ભીનો અને ભારે થઈ ગયો હોવાથી તેને મંદિરના ૨૨ પગથિયાં પર હટાવી દેવામાં આવ્યો હતો. જો કે, જેમ જેમ આ મામલો વિવાદમાં ફેરવાયો અને તેને રાજકીય રંગ પકડ્યો, તેમ પાઢીએ પાછળથી સ્પષ્ટતા કરી કે તાહિયા રાખવો કે હટાવવો તે સંપૂર્ણપણે સેવાદારોનો નિર્ણય છે.

# ટ્રમ્પની હવે કેનેડાને જંગલની આગ બાબતે ટેરિફની ધમકી!

**કેનેડામાં** લાગેલા દાવાનળથી અમેરિકાના શહેરો પર ધુમાડો આવી રહ્યો છે

વૉશિંગ્ટન, તા. ૧૮: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના શહેરોમાં કેનેડાના જંગલોની આગના ધુમાડાને કારણે પ્રદૂષણ ફેલાવવા બદલ કેનેડા પર ટેરિફ લગાવવાની ધમકી આપી છે.

પ્રમુખે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર લખ્યું, કેનેડા પોતાના જંગલો અને ઝાડી-ઝાંખરાની યોગ્ય જાળવણી નથી કરી રહ્યું, તે હકીકત માટે અમે કેનેડાને જવાબદાર ઠેરવી રહ્યા છીએ. ટ્રમ્પે ઉમેર્યું કે, અમેરિકામાં ગંદા, પ્રદૂષિત અને બિનઆરોગ્યપ્રદ હવાની ઘૂસણખોરી થઈ રહી છે, જેની ગુણવત્તા જોખમી અને તદ્દન અસ્વીકાર્ય છે. તેમણે વડાપ્રધાન માર્ક કાર્નીને ફોન કરીને આ અંગે જવાબ માંગવાનું વચન આપ્યું હતું અને દાવો કર્યો હતો કે આનું નુકસાન અગણિત છે. ટ્રમ્પે જણાવ્યું કે, આ એક જાણી જોઈને કરવામાં આવેલી બેદરકારી છે અને હવે આ દર વર્ષની ઘટના બની રહી છે, જેના કારણે યુનાઈટેડ સ્ટેટ્સને અબજો ડોલરનું નુકસાન થઈ રહ્યું છે. કેનેડાના ઓન્ટારિયો પ્રાંતમાં લાગેલી ભીષણ આગને કારણે ધુમાડાના વિશાળ ગોટેગોટા ઉઠ્યા છે, જેણે પૂર્વી અમેરિકાના મોટાભાગના વિસ્તારોને ઘેરી લીધો છે. આ ધુમાડો ગુરુવારે સાંજે વોશિંગ્ટન ડીસી અને ન્યૂયોર્ક સિટી જેવા અમેરિકાના મોટા શહેરો સુધી પહોંચી ગયો હતો. પ્રમુખે પોતે પણ પાટનગરમાં અને શુક્રવારે સાંજે એક બિઝનેસ ડિનર માટે ન્યૂયોર્ક સિટીની મુસાફરી કરતી વખતે આ ધુમાડાથી ભરેલી પરિસ્થિતિનો સામનો કર્યો હતો.

# હવે પાકિસ્તાન પેટ્રોલિયમના ભાવમાં કિંમતોમાં રોજિંદો સુધારો કરશે

**યુએસ-ઈરાન** યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી સરકારે સાપ્તાહિક ધોરણે ભાવ નક્કી કરવાનું શરૂ કર્યું હતું

ઈસ્લામાબાદ, તા. ૧૮ (PTI) પાકિસ્તાને જાહેરાત કરી છે કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે તેલના ભાવમાં થતી અસમાન વધ-ઘટને પહોંચી વળવા માટે દેશમાં પેટ્રોલિયમના ભાવ દરરોજ સુધારવામાં કરવામાં આવશે.

ફેબ્રુઆરીના અંતમાં યુએસ-ઈરાન યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી સરકારે સાપ્તાહિક ધોરણે ભાવ નક્કી કરવાનું શરૂ કર્યું હતું.

પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે, માહિતી મંત્રી અતાઉલ્લાહ તરાર સાથે શુક્રવારે એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી.

મલિકે જણાવ્યું હતું કે, કેબિનેટે દેશની ઓઈલ અને ગેસ વોચડોગ – ઓઈલ એન્ડ ગેસ રેગ્યુલેટરી ઓથોરિટી (ઓજીઆરએ)ને કિંમતો નક્કી કરવાનું કામ સોંપવાનો નિર્ણય કર્યો છે, જે દૈનિક ધોરણે ઈંધણના ભાવ નક્કી કરશે.

ઓજીઆરએ માત્ર તેની વેબસાઈટ પર ઈંધણના દરો જ પ્રકાશિત નહીં કરે જે કિંમતો નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાય છે, પરંતુ દરેક પેટ્રોલ પંપ પર આપણે જે કિંમત જોઈએ છીએ તે કિંમત પાછળના જવાબદાર પરિબળો પણ પ્રકાશિત કરશે." સરકાર દર અઠવાડિયે તેલના ભાવ નક્કી કરતી હતી, પરંતુ સામાન્ય જનતા સુધી ઈંધણના નીચા ભાવોનો લાભ પહોંચાડવામાં વિલંબ થવા બદલ તેની ટીકા થઈ રહી હતી.

ઈરાન યુદ્ધ શરૂ થયા બાદ સાત દિવસની પ્રાઈસ એડજસ્ટમેન્ટની પદ્ધતિ અપનાવવામાં આવી હતી, જે પહેલાં કિંમતો ૧૫ દિવસના ધોરણે નક્કી કરવામાં આવતી હતી.

મલિકે પોતાની ટિપ્પણીમાં જણાવ્યું હતું કે, આ પગલું સિસ્ટમને વધુ પારદર્શક બનાવવાના સરકારના નિર્ણયનો એક ભાગ છે, જેથી લોકો સમજી શકે કે ઈંધણના ભાવમાં વધારો કેમ અનિવાર્ય હતો. મલિકે જણાવ્યું હતું કે, દૈનિક ભાવોની જાહેરાત આંતરરાષ્ટ્રીય બજારમાં સાત દિવસની સાપ્તાહિક સરેરાશના આધારે નક્કી કરવામાં આવશે.

## પેજ 3

### આમિર ખાનને લોરેન્સ બિશ્નોઈ ગેંગના નામે ધમકી મળી

**પોલીસ** સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઇસ ક્લિપની સત્યતાની તપાસ કરી રહી



મુંબઈ, તા. ૧૮ (PTI): જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ સાથે સંબંધ હોવાનો દાવો કરનાર વ્યક્તિઓ તરફથી બોલિવૂડ અભિનેતા આમિર ખાનને કથિત રીતે ધમકી મળી છે, જેમાં તેમના પર 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. મુંબઈ પોલીસ એક સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઇસ નોટની સત્યતાની તપાસ કરી રહી છે. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. સિટી પોલીસ કમિશનર દેવેન ભારતીએ જણાવ્યું હતું કે, પોલીસ સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઇસ નોટની સત્યતાની ચકાસણી કરી રહી છે. ભારતીએ ઉમેર્યું હતું કે, "અમે સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઇસ ક્લિપની સત્યતાની તપાસ કરી રહ્યા છીએ." આ કથિત ધમકી અંગે આમિર ખાન અથવા તેમના પ્રતિનિધિઓ દ્વારા અત્યાર સુધી કોઈ ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવી નથી. આ કથિત ધમકી એક સોશિયલ મીડિયા પોસ્ટ અને તેની સાથેની એક વોઇસ ક્લિપ દ્વારા આપવામાં આવી હતી, જે કથિત રીતે આરઝૂ બિશ્નોઈ અને ટાયસન બિશ્નોઈ તરીકે પોતાની ઓળખ આપનારા બે પુરુષો દ્વારા શેર કરવામાં આવી હતી. વાયરલ ક્લિપને ટાંકીને એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તેઓએ પોતાની જાતને લોરેન્સ બિશ્નોઈના સહયોગીઓ ગણાવ્યા હતા. ધમકી આપનારાઓએ આમિર ખાન પર 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો, જે આરોપ અભિનેતાના ગૌરી સ્પ્રેટ સાથેના તાજેતરના ત્રીજા લગ્ન સાથે જોડાયેલો છે અને ચેતવણી આપી હતી કે, આ પ્રકારના વર્તનને પ્રોત્સાહન આપતા હોવાનું જણાશે તેઓએ પરિણામો ભોગવવા પડશે.

### સલમાન ખાને વડીલોને સોંપી સપનાના ઘરની ચાવી



મુંબઈ, તા. 18: બોલિવૂડ એક્ટર સલમાન ખાન શુક્રવારે એસઆરએ (સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી)ની ઓફિસે પહોંચ્યો હતો, જ્યાં તેમણે કેટલાય વડીલોને તેમના સપનાના ઘરની ચાવીઓ સોંપી હતી. એક્ટર ચુસ્ત સુરક્ષા સાથે પહોંચ્યો હતો. આમ છતાં ભીડે તેને ઘેરી લીધો હતો. સલમાન ખાનના પર્સનલ સિક્યોરિટી હેડ શેરા પણ તેમની સાથે હાજર રહ્યો હતો. સલમાને ત્યાં હાજર વડીલ મહિલાઓને તેમના ઘરની ચાવીઓ આપી અને સ્મિત સાથે હાથ મિલાવ્યો હતો. ઓફિસમાં સલમાન ખાનની સાથે હાજર ટીમે ત્યાં પહોંચેલા લોકોને કહ્યું કે તેઓ ઇચ્છે તો સવાલ પૂછી શકે છે. એક વ્યક્તિ તેમની ફિલ્મ સાથે જોડાયેલો સવાલ પૂછે તે પહેલા જ સલમાને કહ્યું, બસ એક સવાલ છોડીને બાકી કંઈ પણ પૂછી લેજો. તેનો જવાબ તો મારી પાસે પણ નથી.

### શેખર સુમન, વિશાલ દદલાની, પ્રકાશ રાજેએ વાંગચુકનું સમર્થન કર્યું



મુંબઈ, તા. 18: બોલિવૂડના વધુ કેટલાક કલાકારો શેખર સુમન, વિશાલ દદલાની, પ્રકાશ રાજેએ ભૂખ હડતાળ પર ઊતરેલા એક્ટિવિસ્ટ વાંગચુકનું સમર્થન કર્યું છે. અભિનેતા શેખર સુમને શિક્ષણ સુધારાવાદી સોનમ વાંગચુકને સમર્થન આપ્યું છે, જેઓ દિલ્હીના જંતર-મંતર પર અનિશ્ચિત મુદ્દતના ઉપવાસ પર હતા. તબિયત લથડતાં દિલ્હી પોલીસે શનિવારે સવારે તેમને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. વાંગચુક શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓના આક્ષેપો સાથે ૨૦થી વધુ દિવસથી ઉપવાસ પર હતા. બીજી તરફ, આ પોલીસ કાર્યવાહીની ફિલ્મ જગતની હસ્તીઓ વિશાલ દદલાની અને પ્રકાશ રાજે આકરી ટીકા કરી છે. પોલીસે જણાવ્યું કે આ પગલું હાઈકોર્ટના નિર્દેશો અને તબીબી સલાહ મુજબ લેવાયું હતું. ગાયક-સંગીતકાર વિશાલ દદલાનીએ ઇન્સ્ટાગ્રામ પર આક્રોશ વ્યક્ત કરતાં વીડિયો શેર કર્યો અને કહ્યું, "સોનમજીને બળજબરીથી લઈ જવાયા. આ લોકો દેશને બગાડી રહ્યા છે. મારું દિલ તૂટી ગયું છે. દેશવાસીઓ, તમે ક્યારે જાગશો? જો હું ત્યાં હોત તો હું તેમની મદદ કરી શક્યો હોત. હું ગુસ્સાથી ઉકળી રહ્યો છું."

# પાકિસ્તાન-ભારતે એરસ્પેસ પ્રતિબંધ ૨૪ ઓગસ્ટ સુધી લંબાવ્યો

કરાચી, તા. ૧૮ (PTI): પાકિસ્તાનની એરપોર્ટ્સ ઓથોરિટીએ જણાવ્યું છે કે, પાકિસ્તાને શનિવારે ભારતીય વિમાનો માટે પોતાના એરસ્પેસ બંધ રાખવાનો નિર્ણય ૨૪ ઓગસ્ટ સુધી લંબાવી દીધો છે.

પાકિસ્તાન એરપોર્ટ્સ ઓથોરિટી (પીએએ) દ્વારા જારી 'નોટિસ ટુ એરમેન' (નોટમ) અનુસાર, આ પ્રતિબંધ ભારતમાં રજિસ્ટર્ડ થયેલા, ભારતીય ઓપરેટરો દ્વારા સંચાલિત, ભારતની માલિકીના અને લીઝ પર લેવાયેલા તમામ વિમાનોને લાગુ પડે છે.

આ નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય સૈન્ય અને નાગરિક વિમાનો દ્વારા પાકિસ્તાની એરસ્પેસના ઉપયોગ પરનો પ્રતિબંધ યથાવત રહેશે.

ગયા વર્ષે ૨૬ લોકોના જીવ લેનારા પહેલગામ આતંકવાદી હુમલાના પગલે પાકિસ્તાન સામે લેવામાં આવેલા પગલાંના ભાગરૂપે ભારતે પણ તમામ પાકિસ્તાની રજિસ્ટર્ડ વિમાનો, એરલાઈન્સ અને સૈન્ય ફ્લાઈટ્સ પર પરસ્પર એરસ્પેસ પ્રતિબંધ જાળવી રાખ્યો છે.

પહેલગામ હુમલા બાદ સર્જાયેલા તણાવને કારણે બંને દેશોએ ગયા વર્ષે એકબીજાની એરલાઈન્સ માટે પોતપોતાની એરસ્પેસ બંધ કરી દીધી હતી.

# ભૂતપૂર્વ પીએમ દેવગૌડાનાં પત્ની ચેન્નમ્માનું નિધન

બેંગલુરુ, તા. 18 (PTI) ભૂતપૂર્વ વડા પ્રધાન એચ. ડી. દેવગૌડાનાં પત્ની ચેન્નમ્મા દેવગૌડાનું શનિવારે અહીંની એક ખાનગી હોસ્પિટલમાં હૃદયરોગના તીવ્ર હુમલા બાદ નિધન થયું હતું. તેઓ 80 વર્ષના હતા. હોસ્પિટલ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, તેમને બુધવારે રાત્રે શહેરના ઓલ્ડ એરપોર્ટ રોડ પર આવેલી મણિપાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની શ્વાસ સંબંધી બીમારીની સારવાર ચાલી રહી હતી. હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમે દુઃખ સાથે જણાવીએ છીએ કે ચેન્નમ્મા સાજા થવાના માર્ગે હોવા છતાં આજે સાંજે 4 વાગ્યે તેમને હૃદયરોગનો તીવ્ર હુમલો આવ્યો હતો." ગૌડા, તેમના પુત્ર અને કેન્દ્રીય મંત્રી એચ. ડી. કુમારસ્વામી અને પરિવારના અન્ય સભ્યો હોસ્પિટલમા હાજર હતા. ચેન્નમ્મા ફેબ્રુઆરી 2001માં થયેલા એક એસિડ હુમલામાંથી બચી ગયા હતા, જે કથિત રીતે પારિવારિક વિવાદને કારણે થયો હતો. તેમણે 1954માં ગૌડા સાથે લગ્ન કર્યા હતા, અને આ દંપતીને ચાર પુત્રો અને બે પુત્રીઓ છે, જેમાં કેન્દ્રીય મંત્રી એચ. ડી. કુમારસ્વામી અને હાસન જિલ્લાના હોલેનરસીપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય એચ. ડી. રેવન્નાનો સમાવેશ થાય છે.